| કુલ ગુણ | 200 |
|---|---|

# AEIAT-2026

**પરીક્ષાની તારીખ : ૧/૩/૨૦૨૬**

**પરીક્ષાનો સમય : બપોરે ૧૨:૦૦ થી ૧૪:૦૦**

કેટેગરી **A**

| AEIAT | પ્રશ્ન પુસ્તિકા નંબર
QUESTION PAPER NO.
**A 128786**
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| | |
|---|---|
| | **પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ** |
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહી. |
| (2) | ૧ થી ૨૦૦ પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય(missing) તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી. |
| (3) | પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઈ પણ સાહિત્ય ગાઈડ, માર્ગદર્શિકા કાપલી, સ્લીપો, અન્ય લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, કેલક્યુલેટર,સ્માર્ટ વોચ, પેજર,સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (4) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સુચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર છપાયેલ હશે, જે ખરાઈ કરવી. આપની પ્રશ્નપત્રની સીરીઝ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં દર્શાવવાની રહેશે. |
| (6) | પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈપણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઇ છે. તેમ છતાં પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહી. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલ પોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહી. પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઈપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (9) | આ કસોટી પત્રમાં કુલ -200 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (10) | પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે. પ્રત્યેક ખોટા ઉત્તર માટે ૦.૨૫ ગુણ કપાશે (નેગેટીવ ૦.૨૫) જો ઉમેદવાર કોઈ પ્રશ્નનો ઉત્તર આપવા માંગતા ન હોય તો વિકલ્પ E પસંદ કરવાનો રહેશે. વિકલ્પ E માટે નેગેટીવ ગુણ રહેશે નહી. |
| (11) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટે ૦.૨૫ ગુણ નેગેટીવ મળશે. |
| (12) | પરીક્ષા પુરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્ત ભંગના પગલા ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (13) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. સૌથી યોગ્ય વિકલ્પ જવાબ તરીકે ધ્યાને લેવાશે. |

# રફ કામ માટેનું પેઈજ

(1) નીચે પૈકી ગુજરાતના કયા જિલ્લામાંથી કર્કવૃત્ત પસાર થતુ નથી ?

(A) કચ્છ (B) પાટણ (C) અરવલ્લી (D) સુરત

(2) ગુજરાતમાં સૌથી મોટી ઔદ્યોગિક એકમો ધરાવતી વસાહત કઈ છે ?

(A) વડોદરા (B) સચીન

(C) ગુંદલાવ (D) અંકલેશ્વર

(3) ભારત સરકારે 1991 પછી અમલમાં મુકેલી આર્થિક ઉદારીકરણ નિતિનો મુખ્ય ઉદ્દેશ શું હતો ?

(A) સરકારનું સંપૂર્ણ નિયંત્રણ વધારવું અને ખાનગી ક્ષેત્રને દૂર રાખવું.

(B) વિદેશી મૂડી રોકાણને મર્યાદિત કરી સ્વદેશી ઉદ્યોગોને બંધ કરવું.

(C) અર્થતંત્રને ખુલ્લું બનાવવું ખાનગીકરણને પ્રોત્સાહન આપવું અને વૈશ્વિક સ્પર્ધામાં ભારતને સામેલ કરવું.

(D) ખેતી ક્ષેત્રને સંપૂર્ણપણે રાષ્ટ્રીયકરણ કરવું.

(4) ગુજરાતમાં વન સંસાધન સંદર્ભે નીચે આપેલમાંથી કયું વિધાન સાચું છે ?

(A) ગુજરાતમાં માથાદીઠ વનવિસ્તાર 0.03 હેક્ટર છે અને વનઆચ્છાદિત વિસ્તાર 0.04 હેક્ટર છે.

(B) ગુજરાતમાં માથાદીઠ વનવિસ્તાર અને વનઆચ્છાદિત વિસ્તાર 0.05 હેક્ટર છે.

(C) ગુજરાતમાં માથાદીઠ વનવિસ્તાર 0.04 હેક્ટર અને વનઆચ્છાદિત વિસ્તાર 0.03 હેક્ટર છે.

(D) ગુજરાતમાં માથાદીઠ વનવિસ્તાર 0.02 હેક્ટર છે અને વનઆચ્છાદિત વિસ્તાર 0.01 હેક્ટર છે.

(5) ભૌગોલિક દૃષ્ટિએ ભારત દેશ...

(i) પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધમાં આવેલ છે.

(ii) મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થાય છે.

(A) વિધાન (i) સાચું, વિધાન (ii) સાચું (B) વિધાન (i) સાચું, વિધાન (ii) ખોટું

(C) વિધાન (i) ખોટું, વિધાન (ii) ખોટું (D) વિધાન (i) ખોટું, વિધાન (ii) સાચું

(6) નીચેનામાંથી કયું કઠોળ રવી પાક છે ?

(A) મગ (B) ચણા (C) મઠ (D) અડદ

(7) કયો જળધોધ નર્મદા જિલ્લામાં આવેલો છે ?

(A) નિનાઈ ધોધ (B) ત્ર્યંબક ધોધ

(C) ગીરા ધોધ (D) હાથણીમાતા ધોધ

(8) વર્ષ 2011ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાતની પ્રતિ ચોરસ કિલોમીટર વસ્તી-ગીચતા કેટલી છે ?

(A) 308 (B) 350 (C) 398 (D) 573

(9) શામળાજીનો મેળો કઈ નદી કિનારે ભરાય છે ?

(A) હાથમતી (B) શેઢી (C) નર્મદા (D) મેશ્વો

(10) 12 માર્ચ 1922ના રોજ અમદાવાદની કોર્ટમાં ગાંધીજી અને શંકરલાલ બેંકર ઉપર રાજદ્રોહના આરોપોનો મુકદમો ચાલેલ તે ઐતિહાસિક પ્રસંગનું ચિત્ર આલેખન કોણે કર્યું ?

(A) રવિશંકર રાવળ (B) પીરાજી સાગરા

(C) જૈમિનરાય (D) અંજલી મેનન

(11) નીચેનામાંથી કયું જોડકું ખોટું છે ?

(A) સિદ્ધહેમશબ્દાનુસાસન - હેમચંદ્રાચાર્ય (B) ગીત ગોવિંદમ્ - જયદેવ

(C) હિતોપદેશ - નારાયણ (D) પૃથ્વી રાજરાસો - અમીર ખુશરો

(12) ભારતના કયા સિક્કા સૌથી જૂના હોવાનું મનાય છે ?

(A) ગધૈયા સિક્કા (B) કાણિયા સિક્કા

(C) આમાંથી એકપણ નહિ (D) પંચમાર્ક સિક્કા

(13) બ્લેકબક નેશનલ પાર્ક કયા જિલ્લામાં આવેલું છે ?

(A) જામનગર (B) ભાવનગર

(C) સુરેન્દ્રનગર (D) પોરબંદર

(14) ગુજરાતમાં ગ્રામીણ ઓલમ્પિકનું આયોજન કયા મેળા દરમિયાન કરવામાં આવે છે ?

(A) વૌઠાનો મેળો (B) ચિત્ર-વિચિત્ર મેળો

(C) શામળાજીનો મેળો (D) તરણેતરનો મેળો

(15) કયા ગુજરાતી લેખકને 'જીવન વ્યવસ્થા' કૃતિ માટે સાહિત્ય અકાદમી એવૉર્ડ પ્રાપ્ત થયો હતો ?

(A) ઉમાશંકર જોષી (B) રાજેન્દ્ર શાહ

(C) ડોલરરાય માંકડ (D) કાકા સાહેબ કાલેલકર

(16) ગુજરાતના કયા સ્થાન પરના સ્થાપત્યોએ સૌથી પહેલાં યુનેસ્કો વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મેળવ્યું હતું ?

(A) ચાંપાનેર (B) ધોળાવીરા

(C) પાટણ (D) અમદાવાદ

(17) ભારતીય સંવિધાનમાં લઘુમતિઓને મળેલા હક્ક અન્વયે નીચે પૈકી કઈ લઘુમતિઓને પોતાની પસંદગીની શિક્ષણ સંસ્થા સ્થાપવાનો અને તેમનો વહિવટ કરવાનો હક મળે છે ?

(A) માત્ર ભાષા પર આધારિત (B) માત્ર ધર્મ પર આધારિત

(C) ધર્મ કે ભાષા પર આધારિત (D) માત્ર જાતિ આધારિત

(18) ભાષાકીય લઘુમતિ જૂથોના બાળકોને પ્રાથમિક કક્ષાએ માતૃભાષામાં શિક્ષણની સગવડ આપવાની જોગવાઈ ભારતીય સંવિધાનના કયા અનુચ્છેદમાં દર્શાવેલ છે.

(A) 29 (B) 30 (C) 350 (ક) (D) 350 (ખ)

(19) કયા બંધારણીય સુધારાથી RTE-2009 અસ્તિત્વમાં આવ્યો ?

(A) 42 મો સુધારો (B) 44 મો સુધારો

(C) 86 મો સુધારો (D) 92 મો સુધારો

(20) ભારતીય સંવિધાનમાં 'મૂળભૂત ફરજો'નો સમાવશે કયા બંધારણીય સુધારા દ્વારા કરવામાં આવ્યો ?

(A) 86 મો સુધારો (2002) (B) 52 મો સુધારો (1985)

(C) 44 મો સુધારો (1978) (D) 42 મો સુધારો (1976)

(21) "6 થી 14 વર્ષના બાળકોને શિક્ષણની તક પૂરી પાડવી એ વાલીની ફરજ રહેશે" આ મૂળભૂત ફરજ કયા બંધારણીય સુધારાથી ઉમેરવામાં આવ્યો છે ?

(A) 73 મો (B) 86 મો

(C) 91 મો (D) 101 મો

(22) છ વર્ષથી ઓછી વયના બાળકો માટે શરૂઆતની બાલ્યાવસ્થા દરમિયાન સંભાળ અને શિક્ષણની જોગવાઈ સંવિધાનના કયા અનુચ્છેદમાં દર્શાવેલ છે ?

(A) 21 (B) 21 (ક) (C) 24 (D) 45

(23) ભારતીય સંવિધાનના અનુચ્છેદ 24 માં કઈ બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે ?

(A) 6 થી 14 વર્ષના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ

(B) ધર્મ અથવા ભાષા પર આધારિત લઘુમતિ સંસ્થાઓ સહાયક અનુદાન આપતી વખતે રાજ્ય ભેદભાવ રાખી શકશે નહિ.

(C) રાજ્યના નાણામાંથી પૂરેપૂરી નિભાવતી શિક્ષણ સંસ્થામાં કોઈ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહીં.

(D) ચૌદ વર્ષથી નીચેની વયના બાળકોને નોકરીએ રાખવા પર પ્રતિબંધ

(24) નીચેનામાંથી કઈ મૂળભૂત ફરજ છે ?

(A) મતદાન કરવાની ફરજ (B) પર્યાવરણનું જતન કરવાની ફરજ

(C) કર ચુકવવાની ફરજ (D) માતા પિતાની સેવા કરવાની ફરજ

(25) નીચેનામાંથી ................ માર્ગદર્શક સિદ્ધાંત નથી.

(A) નશાબંધી (B) કામ કરવાનો અધિકાર

(C) સમાન કામ માટે સમાન વેતન (D) માહિતીનો હક

(26) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની બાબતમાં કયું વિધાન સાચું નથી ?

(A) આ સિદ્ધાંતો માર્ગદર્શક છે.

(B) તેનો સમાવેશ બંધારણના ત્રીજા ભાગમાં કરવામાં આવ્યો છે.

(C) આ સિદ્ધાંતોનો અમલ કરવા રાજ્યસરકારો બંધાયેલી નથી.

(D) આ સિદ્ધાંતોનો અમલ કરવાની બંધારણમાં જોગવાઈ નથી.

(27) સંવિધાન સભાના સ્થાયી અધ્યક્ષ નીચેનામાંથી કોણ હતા ?

(A) જવાહરલાલ નેહરૂ (B) ડૉ. બી. આર. આંબેડકર

(C) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (D) લાલ બહાદુર શાસ્ત્રી

(28) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની બાબતમાં શું સાચું છે ?

(A) ન્યાયાલયથી આ જોગવાઈઓનો અમલ કરાવી શકાશે.

(B) તે મૂળભૂત હકો કરતા ઉપર છે.

(C) કાયદા કરતી વખતે આ સિદ્ધાંતો લાગુ પાડવા તે રાજ્યની ફરજ છે.

(D) તે માત્ર કેન્દ્ર સરકાર માટે છે.

(29) રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતોનો મુખ્ય હેતુ શું છે ?

(A) કાયદાનું અમલીકરણ (B) ન્યાયાલયને સત્તા આપવી

(C) કલ્યાણકારી રાજ્યની સ્થાપના (D) બંધારણમાં સુધારો

(30) રાજ્ય પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને શિક્ષણનો વગર વાંકે વેઠવી પડતી તંગીના પ્રસંગે શું હક મળી રહે તેમ કરવા કાર્યસાધક જોગવાઈ કરશે ?

(A) સામાજિક સહાય (B) બેકારી સહાય (C) શિક્ષણ સહાય (D) જાહેર સહાય

(31) નીતિ આયોગનું ગઠન કયા વર્ષમાં થયેલ છે ?

(A) 2014 (B) 2019 (C) 2016 (D) 2015

(32) નીતિ આયોગના કાર્યોનું વ્યવસ્થાપન કયા અધિકારી દ્વારા કરવામાં આવે છે ?

(A) મુખ્ય કાર્યકારી અધિકારી (B) પૂર્ણકાલીન સદસ્ય

(C) ઉપાધ્યક્ષ (D) અધ્યક્ષ

(33) નીતિ આયોગ બીજા કયા નામથી ઓળખાય છે ?

(A) યોજના આયોગ (B) રાષ્ટ્રીય પરિવર્તન સંસ્થા

(C) રાષ્ટ્રીય સહભાગિતા સંસ્થા (D) રાષ્ટ્રીય સંસ્થાન

(34) નીતિ આયોગ, આત્મનિર્ભરતાની દિશામાં કઈ ખાદ્ય વસ્તુની વૃદ્ધિને વેગ આપવા હેતુ કાર્ય યોજના અને કાર્યપ્રણાલી નિર્ધારિત કરેલ હતી ?

(A) ગર્મ મસાલા (B) ડ્રાયફ્રુટ (C) ખાદ્યતેલ (D) રોકડિયા પાક

(35) નીતિ આયોગનો મુખ્ય ઉદ્દેશ કયો છે ?

(A) યોજના મંજૂરી (B) નાણાં ફાળવણી

(C) નીતિ ઘડતર માટે થિંક ટેન્ક (D) વહીવટી નિયંત્રણ

(36) એક સાંકેતિક ભાષામાં અંગ્રેજી મૂળાક્ષરોને A = 5, B = 6, C = 7, ............ એવી રીતે દર્શાવવામાં આવે છે. આ ભાષામાં 22, 25, 8, 22 અને 5 વડે શું લખવામાં આવ્યું હશે ?

(A) MONMA (B) PAMPA (C) NAINA (D) RUDRA

(37) પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?


8, 24, 12, ?, 18, 54, 27

(A) 26 (B) 24 (C) 36 (D) 32

(38) 'A' એ 'C' ના પિતા છે. 'D' એ 'B' નો પુત્ર છે. 'E' એ 'A' નો ભાઈ છે. જો 'C' એ 'D' ની બહેન હોય તો 'B' એ 'E' ના શું થાય ?

(A) પુત્રી (B) પતિ (C) બહેન (D) ભાભી

(39)




અમુક અનુસ્નાતક સરકારી કર્મચારી છે પણ શિક્ષક નથી. આ જૂથ કયા અંગ્રેજી મૂળાક્ષર વડે દર્શાવેલ છે ?

(A) E (B) F (C) G (D) H

(40) સત્રાંત કસોટીના એક પ્રશ્નપત્રમાં ખરું કે ખોટું વિભાગમાં કુલ 10 વિધાન આપેલ છે. આ વિધાનોના જવાબ આપવાની કુલ શક્યતાઓ છે ?

(A) 20 (B) 100 (C) 1000 (D) 1024

(41) એક લંબચોરસની લંબાઈ અને પહોળાઈનું માપન કરતી વખતે બંનેમાં મૂળ માપથી 1% વધુ માપ લેવાઈ જાય છે. આ ભૂલથી લંબચોરસના ક્ષેત્રફળના માપમાં આશરે કેટલા ટકાની ભૂલ આવશે ?

(A) 2% (B) 4% (C) 8% (D) 16%

(42) તટસ્થ દ્રાવણની pH કેટલી હોય છે ?

(A) pH 0 (B) pH 7 (C) pH 10 (D) pH 14

(43) રસોડામાં વપરાતાં મીઠા (Salt) નું રાસાયણિક સૂત્ર કયું છે ?

(A) NaOH (B) $NaHCO_3$ (C) NaCl (D) $Na_2CO_3$

(44) સામાન્યતઃ વાહનની હેડલાઇટમાં નીચેનામાંથી શેનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) અંતર્ગોળ અરીસો (B) અંતર્ગોળ લેન્સ

(C) બહિર્ગોળ અરીસો (D) બહિર્ગોળ લેન્સ

(45) નીચેનામાંથી કયા જૂથમાં Artificial Intelligence (AI) નો ઉપયોગ કરવામાં આવે છે ?

(i) Online Shopping Applications

(ii) Social Media Applications

(A) જૂથ (i) અને (ii) બંનેમાં (B) જૂથ (i) માં જ

(C) જૂથ (ii) માં જ (D) એક પણ જૂથમાં નહીં

(46) નીચેના પૈકી કયું Open Educational Resource નથી ?

(A) NROER (B) DIKSHA (C) You Tube (D) PM-eVidya

(47) સ્માર્ટ ફોનમાં આવતી GPS સુવિધાની મદદથી આપણે કોઈપણ સ્થળના અક્ષાંશ - રેખાંશ જાણી શકીએ. અહીં GPS એટલે શું ?

(A) Google Placing System (B) Google Positioning System

(C) Global Placing System (D) Global Positioning System

(48) કયા ભારતીય ક્રિકેટ ખેલાડીને જૂન-2025 માં ICC "ક્રિકેટ હૉલ ઑફ ફેમ"માં સામેલ કરવામાં આવ્યા ?

(A) વિરાટ કોહલી (B) એમ.એસ. ધોની

(C) રોહિત શર્મા (D) શુભમન ગિલ

(49) ગ્રીન ફોર સ્કૂલ પ્રોગ્રામ હેઠળ કઈ પ્રાથમિક શાળાને રાષ્ટ્રીય કક્ષાનો "ગ્રીન સ્કૂલ એવૉર્ડ" 2025 મળ્યો છે ?

(A) ભાલેજ પ્રાથમિક શાળા (B) દાંતીવાડા પ્રાથમિક શાળા

(C) વાલોડ પ્રાથમિક શાળા (D) જીવરાજના મુવાડા પ્રાથમિક શાળા

(50) 21[st] Century Skill અંતર્ગત કઈ Skill આવતી નથી ?

(A) Life Skills (B) Literacy Skills

(C) Language Skills (D) Learning Skills

(51) "જિલ્લા શિક્ષણ સમિતિને કોઈપણ બાબત વિશે જરૂરી જણાય તેવા તમામ આદેશો આપવાની સત્તા રાજ્ય સરકારને રહેશે." આ જોગવાઈ ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમનો કઈ કલમથી કરવામાં આવેલ છે ?

(A) 51 (B) 52

(C) 53 (D) 54

(52) સ્કૂલ બોર્ડ દ્વારા કરવામાં આવેલ કોઈ કામ અધિનિયમ અથવા તે મુજબ કરેલા નિયમોથી આપેલ સત્તા મર્યાદાનું હોય તો તેનો અમલ મોકુફ રાખવાનું અથવા તેનો પ્રતિષેધ કરવાની સત્તા કોને છે ?

(A) નિયામક, પ્રાથમિક શિક્ષણ

(B) અગ્રસચિવ, પ્રાથમિક શિક્ષણ

(C) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

(D) શાસનાધિકારી

(53) સ્કૂલ બોર્ડના કાર્યોમાં નીચેનામાંથી કયુ કાર્ય આવતું નથી ?

(A) પ્રાથમિક શાળાઓ પુરતી સંખ્યામાં નિભાવવી

(B) શિક્ષણનો સમય અને વેકેશનની સંખ્યા અને મુદત નક્કી કરવી

(C) શિક્ષકો સામે શિસ્ત વિષયક કાર્યવાહિ કરવી

(D) પ્રાથમિક શાળાઓનું ચોક્કસ સ્થળ નક્કી કરવું

(54) સ્કૂલ બોર્ડ મુ.પ્રા.શિ.અ. 1947 ની કઈ કલમ મુજબ તાલુકા સલાહકાર સમિતિની રચના, સત્તા અને ફરજો નક્કી કરી શકે છે ?

(A) કલમ-13 (1) (B) કલમ-13 (2)

(C) કલમ-13 (3) (2) (D) કલમ-15

(55) મુ.પ્રા.શિ.અ. 1947 ની કલમ-33 મુજબ બાળકને માન્ય શાળામાં નહિ મોકલવા માટે નીચેનામાંથી કયા કારણો વાજબી કારણો ગણાશે ?

(i) માંદગી, અશક્તિ કારણે બાળક શાળાએ જઈ શકતુ ન હોય

(ii) બાળક બોલતુ હોય તે ભાષામાં શિક્ષણ આપતી કોઈ માન્ય શાળા તે વિસ્તારમાં હોય

(A) ફક્ત (i) (B) ફક્ત (ii)

(C) (i) અને (ii) બંને (D) (i) અને (ii) બંનેમાંથી એકપણ નહિ.

(56) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 ની કલમ-3 હેઠળ રચાયેલ સ્કૂલ બોર્ડ જો તેની સત્તાની મર્યાદા બહાર ચાલે અથવા તેની સત્તાનો ગેર-ઉપયોગ કરે તો કલમ 56 (1) મુજબ બોર્ડને વિસર્જન કરવાની સત્તા કોની પાસે છે ?

(A) જિલ્લા વિકાસ અધિકારી (B) સામાન્ય સભા

(C) નિયામક (D) રાજ્ય સરકાર

(57) સ્કૂલ બૉર્ડની રચના બાબતે નીચેનામાંથી કયા વિધાનો ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 મુજબ સુસંગત છે?

(i) સ્કૂલ બૉર્ડ ઓછામાં ઓછા 12 અને વધુમાં વધુ 16 સભ્યોનું બનશે.

(ii) આ સભ્યમાંથી એકથી ઓછા નહીં અને બેથી વધુ નહીં તેટલા સભ્યોની સરકાર નિમણૂક કરશે.

(iii) રાજ્ય સરકારે નિમેલા સભ્યોમાંથી એક સભ્ય સરકારનો અધિકારી હોવો જોઈએ.

(iv) જિલ્લા લોકલ બૉર્ડ અથવા અધિકૃત નગરપાલિકાએ ચૂંટેલા સભ્યોની લઘુત્તમ લાયકાત મેટ્રિક્યુલેશન પરીક્ષા પસાર કરેલ હોવી જોઈએ.

(A) i, ii, iii (B) i, iii, iv (C) i, iii (D) તમામ સુસંગત છે.

(58) એક જિલ્લાના એક તાલુકામાં આવેલી એક ખાનગી પ્રાથમિક શાળાની માન્યતા રદ કરવામાં આવી છે ત્યારે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા લેવામાં આવેલ નીચેના પૈકી કયા પગલાં ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 મુજબ સુસંગત છે ?

(i) શાળા પાસેથી માન્યતા પ્રમાણપત્ર પરત લેવું

(ii) શાળાનું માન્યતા પ્રમાણપત્ર રદ કર્યા બાબતની જાણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવી

(iii) શાળાનું માન્યતા પ્રમાણપત્ર રદ કર્યાની જાણ વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ કરવી

(iv) શાળાનું માન્યતા પ્રમાણપત્ર વિદ્યા સમીક્ષા કેન્દ્રને આપવું

(A) i, iii, iv (B) i, ii, iv (C) ii, iii, iv (D) i, ii, iv

(59) ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 મુજબ રચાયેલ પ્રાથમિક શિક્ષણ બૉર્ડના સભ્ય કોણ બની શકે નહીં ?

(A) સાત વર્ષ પહેલા જેમણે યુનિવર્સિટીની પદવી મેળવી છે તેવો સ્નાતક

(B) કોઈપણ કૉલેજમાં પાંચ વર્ષ કરતા વધુ સમયથી કાર્યરત પ્રૉફેસર

(C) માન્ય માધ્યમિક શાળામાં 10 વર્ષથી કાર્યરત હેડ માસ્તર

(D) રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ તરીકે એક ટર્મ કે, મંત્રી તરીકે બે ટર્મનો અનુભવ ધરાવનાર પ્રાથમિક શિક્ષક

(60) ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) વિધેયક-2010 થી મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 માં સુધારો કરેલ છે, આ સુધારા પ્રમાણે આ અધિનિયમને કયા નામાભિધાનથી ઓળખવામાં આવશે ?

(A) મુખ્ય અધિનિયમ (B) વિનિયમ (C) નિયમો (D) સ્ટેચ્યુટ

(61) એક નીતિ વિશ્લેષક કહે છે કે પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 કલમ-21 A ની પૂર્વભૂમિકા છે. આ નિવેદનનું શ્રેષ્ઠ કારણ કયું છે ?

(A) શિક્ષણને મફત બનાવ્યું (B) શિક્ષણને ફરજિયાત અને રાજ્યની જવાબદારી બનાવ્યું

(C) ખાનગી શાળાઓ બંધ કરી (D) માત્ર શહેરોમાં અમલ કર્યો

(62) ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો પ્રબંધ કરવા માટે સ્કૂલ બોર્ડમાં ફરજ કોણ બજાવે છે ?

(A) સ્કૂલ બોર્ડ (B) સ્કૂલ બોર્ડના અધ્યક્ષ

(C) સ્કૂલ બોર્ડના નાયબ અધ્યક્ષ (D) સ્કૂલ બોર્ડના વહીવટી અધિકારી

(63) RTE Act-2009 પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ અપાયેલ બાળકને ચૌદ વર્ષ પછી પણ મફત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો હક છે, તે જોગવાઈ કઈ કલમ મુજબની છે ?

(A) કલમ - 5 (B) કલમ - 6 (C) કલમ - 2 (D) કલમ - 4

(64) RTE Act-2009 મુજબ કોઈપણ વ્યક્તિ માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા વગર શાળા ચલાવે છે, તો તેમની સાથે કઈ કલમ મુજબ રૂા. 1,00,000/- નો દંડ કરી શકાય ?

(A) કલમ - 16 મુજબ (B) કલમ - 18 મુજબ

(C) કલમ - 13 મુજબ (D) ઉપરોક્ત એક પણ નહિ

(65) RTE Act-2009 મુજબ કલમ-21 મુજબ શાળા વ્યવસ્થાપન સમિતિની (S.M.C.) ની રચના કરવામાં આવે છે, આ સમિતિના 25% સભ્યમાંથી એક સભ્યની નિમણૂક S.M.C. અધ્યક્ષશ્રીને કરવાની હોય છે, તે કયો સભ્ય છે ?

(A) સ્થાનિક સત્તાતંત્રનો સભ્ય (B) શાળાનો શિક્ષક

(C) સ્થાનિક શિક્ષણવિદ (D) સ્થાનિક કડિયો

(66) એક ભાઈ પોતાની પુત્રીને ધોરણ 3 માં પ્રવેશ અપાવવા માટે એક ખાનગી પ્રાથમિક શાળામાં જાય છે તે સમયે શાળા દ્વારા બાળકના સામાન્ય જ્ઞાનની ચકાસણી કરીને પ્રવેશ આપવામાં આવે છે તો આ શાળા આરટીઈ એક્ટ 2009 ની કઈ જોગવાઈનો ભંગ કરે છે.

(A) કલમ - 13 તપાસ કાર્ય પદ્ધતિ (B) કલમ - 14 પ્રવેશ પૂર્વ પરીક્ષણ

(C) કલમ - 15 ઉંમર નક્કી કરવાની પદ્ધતિ (D) કલમ - 12 પૂર્વજ્ઞાન ચકાસણી પરીક્ષા

(67) RTE Act-2009 માં બાળકના શિક્ષણના હક્ક દેખરેખ અને નિયંત્રણ માટેની સત્તા નીચેના પૈકી કોને આપેલ છે.

(A) રાષ્ટ્રીય સલાહકાર પરિષદ

(B) બાળકોના હકના રક્ષણ માટેની રાષ્ટ્રીય આયોગ

(C) બાળકોના હકના રક્ષણ માટેની રાજ્ય આયોગ

(D) ફરિયાદ નિવારણ આયોગ

(68) RTE Act-2009 ની કલમ - 9 મુજબ સ્થાનિક સત્તાતંત્રની ફરજો કઈ કઈ છે ?

(i) પોતાના ક્ષેત્ર અધિકારીની અંદર રહેતા 14 વર્ષ સુધીની ઉંમરના રેકોર્ડ નિયત કરવું

(ii) શાળાને મકાન સ્ટાફ અને ભણવાની સામગ્રી પૂરી પાડવી

(iii) શિક્ષકો માટે તાલીમની સગવડો પૂરી પાડવી

(iv) શૈક્ષણિક કેલેન્ડર નક્કી કરશે

(A) i, iii, iv (B) i, ii, iii (C) ii, iii, iv (D) i, ii, iii, iv

(69) બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009 હેઠળ શિક્ષક માટે અઠવાડિયાદીઠ તૈયારીના કલાક સહિત શીખવવાના ઓછામાં ઓછા કેટલા કલાક કામગીરી કરવાની જોગવાઈ છે ?

(A) 36 કલાક (B) 40 કલાક

(C) 45 કલાક (D) 30 કલાક

(70) ધોરણ 1 થી 5 ની શાળામાં કુલ 201 બાળકો અભ્યાસ કરે છે તો એ શાળામાં મુખ્ય શિક્ષક સહિત કેટલા શિક્ષક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009 મુજબ મળવાપાત્ર થાય ?

(A) છ (B) પાંચ (C) ચાર (D) સાત

(71) બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009 ની કલમ-26 મુજબ શાળામાં શિક્ષકોની મંજુર કરેલ કુલ સંખ્યાના કેટલા ટકા કરતા વધુ ખાલી જગ્યા ન રાખવાની જોગવાઈ થયેલ છે.

(A) 50 ટકા (B) 10 ટકા

(C) 25 ટકા (D) 5 ટકા

(72) શાળા વ્યવસ્થાપન સમિતી દ્વારા શાળાવિકાસ પ્લાન બનાવવામાં આવે છે, આ પ્લાન કઈ બાબતો માટે આધારનું કામ કરે છે ?

(A) માળખાકીય સુવિધા માટે (B) આયોજન અને અનુદાન

(C) શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓ માટે (D) આધુનિકરણ અને ટેકનોલૉજી

(73) શિક્ષકની લાયકાત નિર્ધારિત ધોરણથી ઓછી હોય અને પ્રશિક્ષિત શિક્ષક ઉપલબ્ધ ન હોય, ઉપરાંત ટ્રેનિંગ સંસ્થાઓ પણ જે તે રાજ્યમાં ઉપલબ્ધ ન હોય તે સંજોગોમાં કયા સત્તાધીશ લાયકાતના ધોરણ ઓછા કરી શકે છે ?

(A) રીજનલ એજ્યુકેશન સંસ્થા (B) એન.સી.ઈ.આર.ટી.

(C) રાજ્ય સરકાર (D) કેન્દ્ર સરકાર

(74) નવભારત સાક્ષરતા કાર્યક્રમનું નામ જણાવો.

(A) ઉમંગ (B) ઉત્સાહ (C) ઉડાન (D) ઉલ્લાસ

(75) RTE અધિનિયમ સંદર્ભ નીચેના વિધાનો વિચારો.

(1) 1 થી 5 ધોરણ માટે કામકાજના દિવસો 200 અને શિક્ષણના કલાકો - 800

(2) 1 થી 5 ધોરણ માટે કામકાજના દિવસો 220 અને શિક્ષણના કલાકો - 800

(3) 6 થી 8 ધોરણ માટે કામકાજના દિવસો 200 અને શિક્ષણના કલાકો - 1000

(4) 6 થી 8 ધોરણ માટે કામકાજના દિવસો 220 અને શિક્ષણના કલાકો - 800

(A) 1 અને 2 બંને સાચા (B) 2 અને 3 બંને સાચા

(C) 1 અને 4 બંને સાચા (D) ફક્ત - 1 સાચું

(76) RTE Act Amendments બાબતે નીચેના વિધાનો વિચારો.

(1) વર્ષ - 2017 ના સુધારાથી શિક્ષકોની લાયકાત મેળવવાની સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો.

(2) વર્ષ - 2019 ના સુધારાથી ફક્ત ધોરણ-8 માટે No - Detention Policy રદ કરવામાં આવી.

(3) વર્ષ - 2019 ના સુધારાથી ધોરણ-5 અને ધોરણ-8 માં No Detention Policy રદ કરવામાં આવી.

(A) ફક્ત - 1 સાચું
(B) ફક્ત - 3 સાચું
(C) 1 અને 3 સાચા
(D) ઉપરોક્ત તમામ સાચા

(77) સામૂહિક ક્રિયાત્મક સાક્ષરતા યોજના (ઈચ વન ટીચ વન)નું આયોજન ક્યારથી શરૂ કરવામાં આવ્યું હતું.

(A) 1 લી મે 1986
(B) 1 લી મે 1985
(C) 1 લી મે 1984
(D) 1 લી મે 1983

(78) ગુજરાત સરકારે 50% કરતા ઓછી સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા જિલ્લામાં કયો કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે ?

(A) સાક્ષરતાયાત્રા પ્રોજેક્ટ
(B) નિરંતર શિક્ષણ પ્રોજેક્ટ
(C) શિક્ષણયાત્રા પ્રોજેક્ટ
(D) સરસ્વતીયાત્રા પ્રોજેક્ટ

(79) રાજ્યમાં સરેરાશ કરતા ઓછો સાક્ષરતા દર હોય એ મહિલા સાક્ષરતા દર 60% કરતા ઓછો હોય તેવા જિલ્લાઓમાં કયો કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે ?

(A) નૂતન સાક્ષરતા કાર્યક્રમ
(B) નવભારત સાક્ષરતા કાર્યક્રમ
(C) જીવનભારત સાક્ષરતા કાર્યક્રમ
(D) વંદે ભારત સાક્ષરતા કાર્યક્રમ

(80) સાક્ષર ભારત કાર્યક્રમના મુખ્ય હેતુઓ કયા હતા ?

(i) કાર્યાત્મક સાક્ષરતા

(ii) કૌશલ્ય વિકાસ

(iii) નિરંતર શિક્ષણ

(A) (i) અને (ii)
(B) (i) અને (iii)
(C) (ii) અને (iii)
(D) (i), (ii) અને (iii)

(81) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 મુજબ વિદ્યાર્થી શિક્ષક ગુણોત્તર કેટલો રખાશે ?

(i) સામાન્ય શાળામાં 25:01 થી ઓછો

(ii) સામાજિક - આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓ છે તે શાળાઓમાં 20:01

(A) (i) મુજબ
(B) (ii) મુજબ
(C) (i) અને (ii) બંને મુજબ
(D) (i) અને (ii) માંથી એકપણ મુજબ નહિ

(82) મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન માટે ઉચ્ચ ગુણવત્તાવાળા સંસાધનો ડિજિટલ પ્લેટફોર્મ DIKSHA પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ DIKSHA ના પૂરુનામમાં "I" એટલે શું ?

(A) Information (B) Infrastructure

(C) Interface (D) Intervention

(83) MHRD અંતર્ગત એક પ્રમાણભૂત નિર્ધારક સમિતિના રૂપમાં એક રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવેલ છે તેને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) NTA (B) NCTE (C) PARAKH (D) DIKSHA

(84) NEP-2020 મુજબ શિક્ષકોને બઢતી આપવા માટે કઈ બાબત ધ્યાને લેવામાં આવશે ?

(A) સેવાની ગુણવત્તા (B) શ્રેયાનતા (C) ખાતાકીય પરીક્ષા (D) સેવાકીય તાલીમ

(85) NEP-2020 મુજબ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર શિક્ષણ ક્ષેત્રે રોકાણ વધારવા માટે જીડીપીના કેટલાક ટકા સુધી પહોંચવાની કોશિશ કરશે ?

(A) 3.60% (B) 6.30% (C) 10% (D) 6%

(86) નવી શિક્ષણનીતિ-2020 મુજબ ધોરણ 1 માં બાળકો શાળા માટે તત્પર બને તેના માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવાનો સમયગાળો કેટલો છે ?

(A) 1 માસ (B) 2 માસ (C) 3 માસ (D) 6 માસ

(87) NEP-2020 સંદર્ભ નીચેના વિધાનો વિચારો.

(1) NEP-2020 અનુસાર બૉર્ડ પરીક્ષાઓને વધુ ક્ષમતામૂલક બનાવવી

(2) NEP-2020 મુજબ માધ્યમિક શિક્ષણમાં મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝિટની સુવિધા આપવી

(3) એકેડેમિક બેન્ક ઑફ ક્રેડિટ (Academic Bank of Credit) ની કલ્પના NEP-2020 માં કરવામાં આવી છે.

(4) NEP-2020 અનુસાર શિક્ષક તાલીમ માટે ચાર વર્ષીય ઈન્ટિગ્રેટેડ B.Ed અભ્યાસક્રમ ફરજિયાત બનાવવાનો ઉદ્દેશ છે.

(A) 1 અને 2 બંને સાચા (B) 1, 2 અને 3 સાચા

(C) 1, 3 અને 4 સાચા (D) તમામ સાચા

(88) NEP-2020 મુજબ Vocational education નો લક્ષ્ય કેટલા વિદ્યાર્થીઓને આવરી લેવાનો છે ?

(A) 25 % (B) 40 % (C) 50 % (D) 60 %

(89) ભારતના દરેક બાળકને વર્ષ 2030 સુધી કયા પ્રકારનું પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ મળવું જોઈએ ?

(A) બુદ્ધિમત્તા વધારે (B) ગુણવત્તાયુક્ત

(C) શૈક્ષણિક વાતાવરણમય (D) સ્વાસ્થ્યવર્ધક

(90) સ્થાનિક જ્ઞાન અને તજજ્ઞતાનો લાભ મળે તે માટે સ્થાનિક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ/નિષ્ણાતોને કયા પ્રકારની નિમણૂક આપવામાં આવશે ?

(A) રીસોર્સપર્સન (B) ખાસ પ્રશિક્ષકો

(C) નિષ્ણાત પ્રશિક્ષકો (D) માસ્ટર ટ્રેનર

(91) NEP-2020 ના મુખ્ય આધાર સ્તંભ જણાવો.

(A) (1) Access (2) Equity (3) Quality (4) Affordability (5) Accountability

(B) (1) Success (2) Quality (3) Equity

(C) (1) Responsibility (2) Success (3) Quality

(D) (1) Accountability (2) Quality (3) Universal development

(92) રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં 'ભારતીય જ્ઞાન' ના સંદર્ભમાં નીચે પૈકી કયું / કયા વિધાન સાચું/સાચા છે ?

(i) અભ્યાસક્રમમાં પ્રાચીન ભારતના જ્ઞાન અને આધુનિક ભારતમાં તેનું યોગદાન

(ii) સ્થાનિક વિષય વસ્તુ આધારિત પાઠ્યપુસ્તકો તૈયાર કરવા

(iii) ભારતીય જ્ઞાન પ્રણાલી પર એક આકર્ષક અભ્યાસક્રમ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પસંદગી માટે ઉપલબ્ધ કરાવવું

(A) માત્ર (i) (B) (i) અને (ii)

(C) (i) અને (iii) (D) (i), (ii) અને (iii)

(93) રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વ્યાવસાયિક શિક્ષણનો અભિગમ બદલવા કઈ બાબતો પર ભાર મૂકવામાં આવે છે ?

(i) પ્રાથમિક કક્ષાએથી જ AI આધારિત તકનીકીનો ઉપયોગ કરવો

(ii) વ્યાવસાયિક શિક્ષણને અલગ વિષય તરીકે નહીં પણ અન્ય વિષયો સાથે સંકલિત રીતે શીખવવા

(iii) ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં લઈ મિડલ તબક્કાથી વ્યવસાયોનો પરિચય મળવો જોઈએ.

(A) (i) અને (ii) (B) (ii) અને (iii)

(C) (i) અને (iii) (D) (i), (ii) અને (iii)

(94) નીચે દર્શાવ્યા પૈકી કયો રચનાત્મક મૂલ્યાંકનનો ઉદ્દેશ્ય નથી ?

(A) વિદ્યાર્થીને વર્ગબઢતી આપવી (B) વિદ્યાર્થીને પ્રતિપોષણ આપવું

(C) શિક્ષણ પદ્ધતિમાં સુધાર લાવવો (D) વિદ્યાર્થીને માર્ગદર્શન આપવું

(95) રાજ્યમાં ફાઉન્ડેશનલ સ્ટેજના હોલીસ્ટીક પ્રોગ્રેસ કાર્ડનો અજમાયશી ધોરણે કયા વર્ષથી અમલ કરવામાં આવ્યો ?

(A) 2022-23 (B) 2023-24 (C) 2024-25 (D) 2025-26

(96) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર કયા વર્ષ સુધીમાં પ્રાથમિક શાળાના બાળકો સાર્વત્રિક મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત કરે તે શિક્ષણ પ્રણાલીનો સર્વોચ્ચ પ્રાથમિકતા રહેશે તેવું દર્શાવેલ છે ?

(A) 2024 (B) 2025 (C) 2027 (D) 2030

(97) 'જાદુઈ પીટારા' ના સંદર્ભમાં નીચે દર્શાવેલ કઈ બાબત સાચી નથી.

(A) તેના ઉદ્દેશ્ય બાળકોને રમત દ્વારા શિક્ષણ આપવાનો છે.

(B) તે ડિઝિટલ સ્વરૂપમાં પણ ઉપલબ્ધ છે.

(C) તેનો ઉપયોગ ધોરણ 3, ધોરણ 8 ના બાળકો માટે કરવામાં આવે છે.

(D) તેનાથી બાળકોમાં માનસિક, શારીરિક અને સામાજિક કૌશલ્યોનો વિકાસ થાય છે.

(98) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં સૂચવવામાં આવેલ 5 + 3 + 3 + 4 મુજબનું શાળાકીય માળખું ગુજરાતમાં કયા વર્ષથી અમલમાં આવ્યું ?

(A) 2022-23 (B) 2023-24 (C) 2024-25 (D) 2021-22

(99) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં શાળાઓમાં વ્યાવસાયિક અને ગુણવત્તા માટેના માનાંકો (Standards) નક્કી કરવા કઈ સંસ્થાની ભલામણ કરવામાં આવી છે ?

(A) PARAKH (B) SSSA (C) GSQAC (D) SQAAF

(100) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં નિર્દિષ્ટ 'SWAYAM' માટે નીચે પૈકી કઈ વિગતો સાચી છે ?

(i) આ પ્લેટફોર્મ "Digital India" અભિયાન હેઠળ બનાવવામાં આવ્યું છે.

(ii) ભારત સરકારનું એક મફત ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ છે.

(iii) તેમાં ધોરણ 9 થી અનુસ્નાતક સુધીના કોર્સ ઉપલબ્ધ છે.

(A) (i) અને (ii) (B) (i) અને (iii)

(C) (ii) અને (iii) (D) (i), (ii) અને (iii)

(101) સમગ્ર શિક્ષા યોજના વિશે નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) SSA, RMSA, Teacher education નું એકત્રિત કરી બનાવવામાં આવેલ છે.

(2) 3 થી 18 વર્ષના વય જૂથના બાળકોને યોજનામાં આવરી લેવામાં આવેલ છે.

(3) આ યોજના પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધી લાગુ પડે છે.

(4) સમગ્ર શિક્ષા 2018 થી શરૂ કરવામાં આવી.

(A) 1, 2 અને 3 સાચા (B) 1 અને 3 બંને સાચા

(C) 1, 2 અને 4 સાચા (D) 2, 3 અને 4 સાચા

(102) સ્કૂલ એક્રેડિટેશન (ગુણોત્સવ 2.0) વિશે નીચેના વિધાનો વિચારો.

(1) GSQAC એ GCERT અંતર્ગત કામગીરી કરે છે.

(2) સ્કૂલ એક્રેડિટેશન રીપોર્ટ કાર્ડમાં મુખ્ય-4 (ચાર) ક્ષેત્રો રાખવામાં આવેલ છે.

(3) ગુણોત્સવની શરૂઆત વર્ષ 2008 થી કરવામાં આવી છે.

(A) ફક્ત - 1 સાચું
(B) 2 અને 3 સાચા
(C) 1, 2 અને 3 સાચા
(D) 1 અને 3 સાચા

(103) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ બાબતે નીચેના વિધાનો વિચારો.

(1) આ સંસ્થાની સ્થાપના 1969 માં કરવામાં આવી.

(2) આ સંસ્થા પાઠ્યપુસ્તકના નિર્માણનું કાર્ય કરે છે.

(3) આ સંસ્થા જીવન શિક્ષણ સામયિક બહાર પાડે છે.

(A) 1 અને 2 સાચા
(B) ફક્ત 1 અને 3 બંને સાચા
(C) 2 અને 3 બંને સાચા
(D) ઉપરોક્ત તમામ સાચા

(104) IITE વિશે નીચેના પૈકી કયુ વિધાન અસંગત છે.

(1) પૂરું નામ Indian Institute of Teacher Education છે.

(2) આ સંસ્થાની સ્થાપના 2010 માં કરવામાં આવી.

(3) આ સંસ્થાનું મુખ્ય મથક અમદાવાદ છે.

(4) સંસ્થા ચાર વર્ષીય ઈન્ટિગ્રેટેડ B.Ed નો અભ્યાસ ચલાવે છે.

(A) 1 અન 3 બંને સાચા
(B) 1, 2 અને 3 સાચા
(C) 1, 2 અને 4 સાચા
(D) ફક્ત 3 અને 4 સાચા

(105) નીચેના વિધાનો વિચારો.

(1) ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટીની સ્થાપના 2009 માં કરવામાં આવી.

(2) ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટીનું વડુ મથક ગાંધીનગર ખાતે આવેલ છે.

(3) 'Every Child Matters' તેનો મંત્ર છે.

(4) મૂળ નામ ચિલ્ડ્રન યુનિવર્સિટી હતુ હવે ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી તરીકે ઓળખાય છે.

(A) 1 અને 2 બંને સાચા
(B) 1, 2 અને 3 સાચા
(C) 2, 3 અન 4 સાચા
(D) ઉપરોક્ત તમામ સાચા

(106) રાજ્ય શિક્ષણ ભવનની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી ?

(A) 1988 (B) 1962 (C) 1986 (D) 1968

(107) શાળાના આસપાસના વિસ્તારમાં રહેલા 6 થી 14 વર્ષની તમામ બાળકોનું શાળામાં નામાંકન થાય સ્થાયીકરણ થાય અને ગુણવત્તા યુક્ત પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે, શાળાઓની પૂરતી ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તથા શાળામાં લોક ભાગીદારી વધે તે જોવાનું કામ નીચેના પૈકી કઈ સંસ્થાનું છે ?

(A) સમગ્ર શિક્ષા (B) બી.આર.સી. (C) જુથ સંસાધન કેન્દ્ર (D) ઉપરના તમામ

(108) પ્રાથમિક શાળા અસ્તિત્વમાં હોય તો અન્ય પ્રાથમિક શાળાને મંજુરી આપતા પૂર્વ અસ્તિત્વની શાળામાં કેટલા ટકાથી વધારે વિદ્યાર્થીની ઘટ સહન કરવાથી અયોગ્ય હરિફાઈ કહી શકાય ?

(A) 8 % (B) 15 % (C) 25 % (D) 20 %

(109) વાર્ષિક બજેટમાં મંજુર થયેલ નાણાંની ફાળવણી કયા સત્તાધીશ દ્વારા કરવામાં આવે છે ?

(A) નાણાંવિભાગના સચિવ (B) ખાતાના વડા

(C) જિલ્લા શિક્ષણ સમિતિ (D) વહીવટી વિભાગના વડા

(110) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગરની અભ્યાસ સમિતિની મુદ્દત કેટલા વર્ષની હોય છે ?

(A) બે (B) ચાર (C) ત્રણ (D) એક

(111) PMSHRI નું પૂરું નામ જણાવો ?

(A) PM School of Rising India (B) PM Schools for Rising India

(C) PM School for Digital India (D) PM School of Digital India

(112) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનો અભ્યાસ પૂર્ણ કરે તે પાત્રતા ધરાવનાર દરેક વિદ્યાર્થીને કુલ કેટલી રકમ નમો લક્ષ્મી યોજના હેઠળ મળવા પાત્ર રહેશે ?

(A) 15,000/ (B) 25,000/ (C) 30,000/ (D) 50,000/

(113) નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાનો લાભ કોને મળવા પાત્ર નથી ?

(A) ધોરણ 10 માં 50% કે તેથી વધુ ગુણ મેળવી GSHSEB માન્યતાવાળી શાળામાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને

(B) ધોરણ 10 માં 50% કે તેથી વધુ ગુણ મેળવી CBSE માન્યતાવાળી શાળામાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને

(C) ધોરણ 10 માં 50% કે તેથી વધુ ગુણ મેળવી GSHSEB માન્યતા પ્રાપ્ત ખાનગી શાળામાં કોઈપણ પ્રવાહમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને

(D) ધોરણ 10 માં 50% કે તેથી વધુ ગુણ મેળવી માત્ર માન્યતા પ્રાપ્ત સરકારી શાળામાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને

(114) ECCE યોજના અંતર્ગત વય જૂથ 0-3 માં ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માર્ગદર્શિકા અને સૂચનો કયા વિભાગ દ્વારા વિકસાવવામાં આવશે ?

(A) મહિલા અને બાલવિકાસ મંત્રાલય (B) શિક્ષણ વિભાગ

(C) માનવસંસાધન વિકાસ મંત્રાલય (D) સમાજકલ્યાણ મંત્રાલય

(115) ભારત સરકાર દ્વારા સમગ્ર શિક્ષા યોજનાની મુદત વધારીને કઈ તારીખ સુધી કરવામાં આવેલ છે ?

(A) 31-12-2030 (B) 31-10-2026

(C) 31-3-2026 (D) 31-3-2023

(116) વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને કલ્યાણ સહાયતા પ્રદાન કરવાની પહલ સ્વરૂપમાં કઈ યોજના દાખલ કરવામાં આવેલ છે ?

(A) મનોદર્પણ યોજના (B) સ્ટસિ પરિયોજના

(C) બાલસ્વાસ્થ્ય યોજના (D) આરોગ્યમય બાલક યોજના

(117) NAS (National Achievement Survey) સંદર્ભે નીચે પૈકી કયુ વિધાન ખોટું છે ?

(A) આ સર્વેમાં ફક્ત સરકારી શાળાઓની ચકાસણી કરવામાં આવે છે.

(B) આ સર્વેનો હેતુ વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તર માપવાનો છે.

(C) આ સર્વેમાં શિક્ષક, શાળા અને વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નાવલી હોય છે.

(D) આ સર્વેના પરિણામો પરથી રાજ્ય અને જિલ્લાવાર રિપોર્ટ તૈયાર થાય છે.

(118) PARAKH નું પૂરું નામ શું છે ?

(A) Programme for Assessment and Review of Knowledge in Higher Education

(B) Performance Assessment Review and Analysis of Knowledge for Holistic Development

(C) Performance Assessment Review and Analysis of Knowledge for Higher Education

(D) Programme for Assessment and Review of Knowledge for Holistic Development

(119) NMMS પરીક્ષા સંદર્ભે નીચેના વિધાનોનો વિચાર કરો.

(1) પરીક્ષા હેતુ ધોરણ 8 થી ડ્રોપ આઉટ દર ઘટાડવાનો છે.

(2) પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ધોરણ 9 થી 12 સુધી સ્કોલરશીપ મળે છે.

(3) પરીક્ષાના સ્વરૂપમાં SAT અને MAT નો સમાવેશ થાય છે.

(A) ફક્ત - 1 સાચું (B) ફક્ત - 2 અને 3 સાચા

(C) ફક્ત - 1 અને 3 સાચા (D) ઉપરોક્ત તમામ સાચા

(120) રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા પ્રશિક્ષણ બાબતે નીચે પૈકી કયુ વિધાન અસંગત છે ?

(A) જિલ્લા કક્ષાની કમિટીના અધ્યક્ષ જિલ્લા વિકાસ અધિકારી હોય છે.

(B) જિલ્લા કક્ષાની કમિટીના અધ્યક્ષ જિલ્લા શિક્ષણ અધિકારી હોય છે.

(C) ધોરણ 6 થી 12 ની દીકરીઓને પ્રશિક્ષણ આપવામાં આવે છે.

(D) કન્યાઓની સંખ્યા મુજબ 13,000 અને 15,000 ગ્રાન્ટ શાળાઓને આપવામાં આવે છે.

(121) ગુ.શૈ.સં. સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ 2006 ની કલમ - 9 મુજબ ટ્રિબ્યુનલની હકુમત શું છે ?

(A) કલમ - 11 હેઠળ કરેલ અપીલ દાખલ કરવાની અને નિર્ણય કરવાની

(B) કલમ - 12 હેઠળ કરેલ અરજી દાખલ કરવાની અને નિર્ણય કરવાની

(C) કલમ - 23 હેઠળ તેને તબદીલ કરેલા કેસો દાખલ કરવાની અને નિર્ણય કરવાની

(D) તમામ

(122) ટ્રિબ્યુનલ પોતાના નિર્ણયનું પુનર્વિલોકન, સંબંધિત નિર્ણય અથવા હુકમની તારીખથી કેટલી મુદત પુરી થયા પછી કરી શકશે નહિ ?

(A) 1 વર્ષ (B) 2 વર્ષ (C) 3 વર્ષ (D) 4 વર્ષ

(123) હાલ ગુ.શૈ.સં. સેવા ટ્રિબ્યુનલનું વડુ મથક ક્યા આવેલું છે ?

(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) રાજકોટ (D) મહેસાણા

(124) ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ 2006 અનુસાર શૈક્ષણિક સંસ્થામાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?

1. પ્રાથમિક શાળા

2. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા

3. યુનિવર્સિટી

4. આઈ.ટી.આઈ.

(A) 1, 2, 3 (B) 1, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4

(125) ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલના આદેશ સામે કઈ અદાલતમાં અરજી કરી શકાય ?

(A) લોક અદાલત (B) દિવાની અદાલત

(C) વડી અદાલત (D) ફોજદારી અદાલત

(126) ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલમાં નીચેના પૈકી કોને અરજી કરવાનો અધિકાર નથી ?

(A) સેવક (B) સંચાલક મંડળ (C) આચાર્ય (D) શિક્ષકો

(127) સહકારની પૂર્વ મંજુરી લઈને ટ્રિબ્યુનલ એક્ટની જોગવાઈ પ્રમાણે અસરકારક કાર્યવાહી અને કાર્યના નિકાલ માટે કયા આધાર બનાવી શકે છે ?

(A) સ્ટેચ્યુટ (B) સેક્શન (C) નિયમ (D) વિનિયમ

(128) ટ્રિબ્યુનલમાં જ્યુડીશીયલ સભ્યની નિમણૂક માટે કયા સત્તાધીશની સહમતિ અનિવાર્ય છે ?

(A) રાજ્ય સરકાર (B) શિક્ષણ વિભાગ

(C) સામાન્ય વહીવટ વિભાગ (D) મુખ્ય ન્યાયાધીશ હાઈકોર્ટ

(129) ટ્રિબ્યુનલ કયા પ્રકારના વિવાદો સાંભળે છે ?

(A) જમીન વિવાદ (B) શૈક્ષણિક સંસ્થાના કર્મચારી સંબંધિત સેવા વિવાદ

(C) ફી વધારો (D) પ્રવેશ પરીક્ષા

(130) ટ્રિબ્યુનલ સમક્ષ પ્રશ્ન ઊઠે છે કે તે સિવિલ કોર્ટ જેવી શક્તિ વાપરી શકે કે નહીં તે સંદર્ભ નીચેનામાંથી કઈ શક્તિ ટ્રિબ્યુનલ પાસે છે ?

(A) સાક્ષી બોલાવવી (B) દસ્તાવેજ મંગાવવું

(C) શપથ હેઠળ નિવેદન લેવા (D) ઉપરોક્ત તમામ

(131) ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, 2002 ના નિયમ 46 (9) મુજબ સામાન્યતઃ એક અંગ્રેજી વર્ષમાં કેટલી વખત પ્રાપ્ત રજા મંજુર કરી શકાય ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

(132) એક સરકારી કર્મચારી સમગ્ર નોકરી દરમિયાન અધિકતમ કેટલી બિનજમા રજા મેળવી શકે ?

(A) 360 દિવસ (B) 240 દિવસ (C) 180 દિવસ (D) 90 દિવસ

(133) રજાની માંગણી હક તરીકે કરી શકાય નહિ, આ જોગવાઈ G.C.S.R.-2002 રજાના કયા નિયમોમાં કરેલ છે ?

(A) 10 (3) (B) 10 (1)

(C) 10 (2) (D) ઉપરમાથી એકેય નહિ

(134) અભ્યાસ માટેની રજાઓ સંપૂર્ણ નૌકરી દરમિયાન કેટલા દિવસોની મળવાપાત્ર છે ?

(A) 24 મહિના (B) 12 મહિના (C) 18 મહિના (D) 10 મહિના

(135) GCSR અંતર્ગત રજા સંદર્ભે નીચેના વિધાનો પૈકી કયુ અસંગત છે ?

(1) અર્થઘટન માટે કર્મચારીના વિભાગનો નિર્ણય આખરી ગણાશે.

(2) રજા હક તરીકે માગી શકાય નહિ

(3) કર્મચારીની સંમતિ વગર સક્ષમ સત્તાધિકારી રજાનો પ્રકાર બદલી શકે છે.

(A) ફક્ત - 1 (B) ફક્ત - 2 (C) ફક્ત - 1 અને 3 (D) ઉપરોક્ત તમામ

(136) બિન જમા રજા સંદર્ભે નીચે પૈકી સાચુ શું છે ?

(1) બિન જમા રજા કાયમી કર્મચારીને મંજૂર કરી શકાશે.

(2) ભવિષ્યમાં જમા થનાર અર્ધપગારી રજા સામે મંજૂર કરવામાં આવશે.

(3) સમગ્ર નોકરી દરમિયાન 360 દિવસ મળવાપાત્ર છે.

(A) ફક્ત - 1 અને 3 સાચું (B) ફક્ત - 2 અને 3 સાચા

(C) ફક્ત - 1 અને 2 સાચા (D) ઉપરોક્ત તમામ સાચા

(137) પ્રસૂતિ રજા સંદર્ભે કયુ વિધાન અસંગત છે ?

(1) બે થી વધુ જીવિત બાળકો ન હોય તેવા મહિલા કર્મચારીને મળવાપાત્ર થાય.

(2) વર્ષ-2014 માં પ્રસૂતિ રજા 180 દિવસ મળવાપાત્ર અંગેનો ઠરાવ થયેલ

(3) આ રજા રજા હિસાબમાં ઉધારવામાં આવે છે.

(4) આ રજા રજા હિસાબમાં ઉધારવામાં આવતી નથી.

(A) વિધાન - 1 (B) વિધાન - 2 (C) વિધાન - 3 (D) વિધાન - 4

(138) એક કર્મચારીના રજાના હિસાબમાં નિવૃત્તિ સમયે 260 પ્રાપ્ત રજા અને 150 અર્ધપગારી રજા જમા છે. કેટલી રજાનું રોકાણમાં રૂપાંતર થઈ શકે ?

(A) 260 પ્રાપ્ત રજા અને 40 અર્ધપગારી રજાનું

(B) 260 પ્રાપ્ત રજા અને 80 અર્ધ પગારી રજાનું 40 પૂરા પગારની રજામાં રૂપાંતર કરીને

(C) માત્ર 260 પ્રાપ્ત રજાનું

(D) 260 પ્રાપ્ત રજા અને 150 અર્ધ પગારી રજાનું રૂપાંતર

(139) અસાધારણ રજા બાબતે નીચેના વિધાનો વિચારો.

(1) સમગ્ર નોકરી દરમિયાન એકંદરે 36 માસથી વધુ નહિ એટલી અસાધારણ રજા મંજૂર કરી શકાશે.

(2) જ્યારે બીજા પ્રકારની રજા મળવાપાત્ર હોય ત્યારે આ રજા મંજૂર કરી શકાય નહિ.

(A) ફક્ત - 1 સાચું (B) ફક્ત - 2 સાચું

(C) 1 અને 2 બંને ખોટા (D) 1 અને 2 બંને સાચા

(140) ફિક્સ પગારના કર્મચારીને મળતી ખાસ રજા બાબતે નીચેના પૈકી કયુ વિધાન સુસંગત છે ?

(A) વાર્ષિક - 30 રજા મળવાપાત્ર થશે. (B) વાર્ષિક - 20 રજા મળવાપાત્ર થશે.

(C) વાર્ષિક - 15 રજા મળવાપાત્ર થશે. (D) દર વર્ષે એપ્રિલ માસમાં એડવાન્સ જમા કરવામાં આવશે.

(141) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો અનુસાર પેન્શનપાત્ર પગાર એટલે.....

(A) સરકારી કર્મચારીએ છેલ્લા માસની સેવા દરમિયાન ઉપાર્જિત કરેલો પગાર

(B) સરકારી કર્મચારીએ છેલ્લા બાર માસની સેવા દરમિયાન ઉપાર્જિત કરેલો સરેરાશ પગાર

(C) છેલ્લા માસનો મૂળ પગાર તથા મોઘવારી ભથ્થું

(D) સરકારી કર્મચારીએ છેલ્લા દસ માસની સેવા દરમિયાન ઉપાર્જિત કરેલો સરેરાશ પગાર

(142) સરકારી કર્મચારીને કયા સંજોગોમાં સરકારી સેવામાંથી ફરજિયાત નિવૃત્ત કરવામાં આવે છે ?

(A) સરકારી કર્મચારીના તબીબી પ્રમાણપત્રના આધારે

(B) સરકારી કર્મચારીને ગેરવર્તન, નાદારી કે બિનકાર્યક્ષમતાના આધારે

(C) સરકારી કર્મચારી જે માસમાં 58 વર્ષ કે 60 વર્ષની ઉંમરે પૂર્ણ કરેલ ત્યારે

(D) ઉપર પૈકી એક પણ નહીં

(143) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન)ના નિયમો અનુસાર સરકારી કર્મચારીને કેટલા વર્ષની પેન્શનપાત્ર સેવા પૂર્ણ કરે ત્યારે પેન્શનપાત્ર સેવા ચકાસણી પ્રાણપત્ર મળી શકે ?

(A) ગમે તેટલા વર્ષની સેવા હોય પરંતુ કર્મચારી અરજી કરે ત્યારે

(B) વયનિવૃત્તિના સમયે

(C) વીસ વર્ષની સેવા

(D) દસ વર્ષની સેવા

(144) સરકારી કર્મચારીના સેવાના તૂટના કિસ્સામાં પેન્શનપાત્ર સેવાની ગણતરી કરતી વખતે કેટલા સમયગાળાની તૂટની ઉપેક્ષા કરી પેન્શનપાત્ર સેવા ગણવાની જોગવાઈ છે ?

(A) 30 દિવસ (B) 60 દિવસ

(C) 90 દિવસ (D) 120 દિવસ

(145) ગુ.મુ.સે. પે. નિયમો 2002 ના નિયમ 24 મુજબ કર્મચારીએ કરેલ આર્થિક નુકશાન પેન્શનમાંથી વસુલ કરવામાં આવે ત્યારે મળવાપાત્ર પેન્શનના કેટલા કરતા વધારે દરે વસુલાત ન થઈ શકે ?

(A) $\frac{1}{2}$ (B) $\frac{1}{3}$ (C) $\frac{1}{4}$ (D) $\frac{1}{5}$

(146) સ્વેચ્છીક નિવૃત્તિ કેટલા વર્ષની પેન્શનપાત્ર સેવાના અંતે ન લઈ શકાય ?

(A) 10 (B) 20 (C) 25 (D) 30

(147) સાતમા પગાર પંચ મુજબ મીનીમમ પેન્શનની રકમ કેટલી છે ?

(A) 6000 (B) 7000 (C) 8000 (D) 9000

(148) ગુ.મુ.સે. પેન્શન નિયમો 2002 ના નિયમ-82 મુજબ કુટુંબ તરીકે જુથ-1માં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) પત્ની/પતિ (B) માતા-પિતા (C) પરિણિત પુત્રો (D) અપરિણિત પુત્રો

(149) પેન્શનના રૂપાંતરિત હિસ્સાનું પુનઃ સ્થાપન કેટલા વર્ષ બાદ થાય ?

(A) 12 (B) 13 (C) 14 (D) 15

(150) પેન્શન અધિકૃત કર્યા પછી બે વર્ષ બાદ કોઈ કારકુની ભુલ જણાય, ત્યારે પેન્શન મંજુર કરનાર અધિકારી કોની સંમતિ વના પેન્શનની સમીક્ષાનો હુકમ કરી શકે નહિ ?

(A) ખાતાના વડા (B) વિભાગના વડા

(C) નાણા વિભાગ (D) A અને B બંને

(151) મૃત્યુ સહ, નિવૃત્તિ ગ્રેજ્યુઈટી મંજૂર કરીને સત્તાધિકારી મૂળ સર્વિસબુક સાથેની દરખાસ્ત કોને મોકલશે ?

(A) નિયામક, ખાતાના વડાને

(B) એકાઉન્ટ જનરલ રાજકોટ

(C) નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર

(D) કચેરીના વડા

(152) જો કર્મચારી 1-04-2005 થી 31-12-2005 દરમિયાન અવસાન કેસમાં મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટ કેટલી મળવાપાત્ર થાય ?

(A) વધુમાં વધુ બે પગાર (B) વધુમાં વધુ ચાર પગાર

(C) વધુમાં વધુ પાંચ પગાર (D) વધુમાં વધુ છ પગાર

(153) NPS માં જોડાવવા માટે ઓછામાં ઓછી ઉંમર કેટલી હોવી જોઈએ ?

(A) 30 વર્ષ (B) 20 વર્ષ (C) 21 વર્ષ (D) 18 વર્ષ

(154) રાજ્ય સરકારના એક કર્મચારીને GPF માંથી ઘર ખરીદવા અથવા બનાવવા માટે ઉપાડની મર્યાદા કેટલી હોઈ શકે છે ?

(A) GPF માં જમા રકમના 50% (B) GPF માં જમા રકમના 90%

(C) GPF માં જમા રકમના 75% (D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

(155) યોગ્ય સત્તાધિકારી બચતદારને ફંડમાં તેના ખાતે જમા રકમમાંથી કયા કારણોસર હંગામી ધોરણે પેશગી આપી શકે ?

(A) પોતાના અથવા કુટુંબના સભ્યોની ગંભીર માંદગી સબબ ખર્ચ ચુકવવા

(B) અરજદારની કોઈપણ કારણોસર કરેલ દરિયાપારની મુસાફરીનું ખર્ચ ચુકવવા

(C) ભારતમાં કોઈપણ ડિપ્લોમા (2 વર્ષના) અભ્યાસક્રમ માટે

(D) અરજદારના ભાઈના લગ્નમાં થયેલ ખર્ચ ચુકવવા

(156) નવી વર્ધિત પેન્શન યોજનાના હાલના નિયમો અનુસાર કર્મચારીના મૂળ પગાર અને મોઘવારી ભથ્થાના 10% ફાળા સામે રાજ્ય સરકાર કેટલો પોતાનો ફાળો જમા કરાવે છે ?

(A) 10% (B) 14% (C) 16% (D) 18%

(157) Unified Pension Scheme (UPS) અંતર્ગત કર્મચારીએ કેટલા વર્ષની સેવા પૂર્ણ કરી હોય તો પેન્શન તરીકે નિશ્ચિત રકમ મળવાપાત્ર થાય છે ?

(A) 10 (B) 20 (C) 25 (D) 33

(158) નવી વર્ધીત પેન્શન યોજના અંતર્ગત કર્મચારીને ફાળવવામાં આવતા કાયમી નિવૃત્તિ ખાતા નંબર (PRAN) કેટલા અંકનો હોય છે ?

(A) 11 (B) 12 (C) 10 (D) 08

(159) ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાનો એક કર્મચારી 1-4-2006 ના રોજ સેવામાં જોડાય છે અને 30-06-2025 ના રોજ ચાલુ સેવા દરમિયાન મૃત્યુ પામે છે. નવી વર્ધીત પેન્શન યોજના અનુસાર આ કિસ્સામાં કેટલો મૃત્યુ સહ ગ્રેજ્યુઈટી મળવાપાત્ર થાય ?

(A) 33 માસનો પગાર (B) 20 માસનો પગાર

(C) 12 માસનો પગાર (D) 10 માસનો પગાર

(160) સામાન્ય ભવિષ્ય નિધિના નિયમો અનુસાર ક્યારે સામાન્ય ભવિષ્ય નિધિની કપાત ન કરી શકાય ?

(A) બચતદાર 1 મહિના કરતા વધારે અસાધારણ રજા પર હોય

(B) બચતદાર ફરજ મોકૂફી હેઠળ હોય

(C) A અને B બંને

(D) એકપણ નહિ

(161) બંધારણની કઈ કલમની જોગવાઈ મુજબ સ્ત્રીઓ અને બાળકોના ઉત્કર્ષ માટે રાજ્ય ખાસ જોગવાઈ કરી શકે છે

(A) બંધારણની કલમ-14 (B) બંધારણની કલમ-15

(C) બંધારણની કલમ-15 (3) (D) બંધારણની કલમ-15 (1)

(162) બંધારણની કલમ-29 (2)માં શૈક્ષણિક સંસ્થાઓ માટે કઈ મહત્ત્વની બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે ?

(A) કોઈપણ શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ માટે સમાન અધિકાર

(B) કોઈપણ શૈક્ષણિક સંસ્થામાં મર્યાદિત પ્રવેશ

(C) કોઈપણ શૈક્ષણિક સંસ્થાના પોતાના નિયમો પ્રમાણે પ્રવેશ

(D) કોઈપણ શૈક્ષણિક સંસ્થા આર્થિક સહયોગ મેળવીને પ્રવેશ આપી શકશે

(163) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને બીજી નબળા વર્ગોના શૈક્ષણિક તથા આર્થિક હિતોની સુરક્ષા માટેની બંધારણીય કલમ જણાવો.

(A) બંધારણની કલમ-43
(B) બંધારણની કલમ-44
(C) બંધારણની કલમ-45
(D) બંધારણની કલમ-46

(164) ભારતના બંધારણમાં માતૃભાષામાં શિક્ષણ મળી રહે તે માટેની કલમ જણાવો.

(A) બંધારણની કલમ 350 (A)
(B) બંધારણની કલમ 349
(C) બંધારણની કલમ 348
(D) બંધારણની કલમ 348 (A)

(165) નીચેનામાંથી કયા સુધારામાં શિક્ષણ સંબધિ જોગવાઈ કરવામાં આવેલ નથી.

(A) 42 મો (B) 45 મો (C) 73 મો (D) 86 મો

(166) બંધારણના કયા સુધારા અન્વયે શિક્ષણને સમવર્તી યાદિમાં સમાવેશ કરવામાં આવ્યો ?

(A) 42 મો (B) 72 મો (C) 82 મો (D) 86 મો

(167) બંધારણની કઈ કલમમાં રાજ્યના નાણામાંથી પૂરેપુરી નિભાવાતી શિક્ષણ સંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપવાની મનાઈ ફરમાવી છે ?

(A) 27 (B) 28 (C) 29 (D) 30

(168) અનુચ્છેદ 46 મુજબ રાજ્ય કયા વર્ગના શૈક્ષણિક અને આર્થિક હિતોની અભિવૃદ્ધિ માટે વિશેષ કાળજી લેશે ?

(i) નબળા વર્ગના લોકો
(ii) અનુસૂચિત જાતિના લોકો
(iii) અનુસૂચિત જનજાતિના લોકો
(iv) કન્યાઓ

(A) i, ii, iv (B) i, iii, iv (C) i, ii, iii (D) i, ii, iii, iv

(169) બંધારણમાં વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ, જિજ્ઞાસા અને સુધારણાની ભાવના કેળવવાની બાબત કયા વિષય હેઠળ આવરી લેવામાં આવી છે ?

(A) રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંત
(B) સંઘયાદી
(C) મૂળભૂત હક્કો
(D) મૂળભૂત ફરજો

(170) બંધારણના અનુચ્છેદ-45 કઈ બાબતને લગતો છે ?

(A) ઉચ્ચ શિક્ષણ
(B) પ્રાથમિક શિક્ષણ
(C) બાળ સંભાળ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ
(D) તકનીકિ શિક્ષણ

(171) NEP-2020 માં પ્રકરણ-5માં કોના માટે ભલામણ આપવામાં આવી છે ?

(A) ECCE
(B) અભ્યાસક્રમ અને પદ્ધતિ શાસ્ત્ર
(C) શિક્ષકો
(D) Digital Education

(172) સમગ્ર શિક્ષા અભિયાન યોજના અંતર્ગત રાજ્યમાં શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટેની નોડલ એજન્સી કઈ છે ?

(A) GIET
(B) GCERT
(C) SEB
(D) GSTB (ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ)

(173) જ્ઞાનશક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ, રક્ષાશક્તિ શાળામાં ધોરણ-6 માં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓએ કઈ પરીક્ષા આપવાની થાય છે ?

(A) NMMS
(B) TET
(C) TAT
(D) CET

(174) નિપુણ ભારત હેઠળ પાયાના વર્ષોમાં ત્રણ મુખ્ય વિકાસલક્ષી લક્ષ્યો આપવામાં આવેલ છે. જે પૈકી નીચેનામાંથી કયુ લક્ષ બંધ બેસતુ નથી.

(A) બાળક સારું સ્વાસ્થ્ય અને સુખાકારી જાળવી રાખે.

(B) બાળકો અસરકારક પ્રત્યાયન કર્તા બને.

(C) અધ્યયનના પ્રત્યેક વર્ષમાં ઊંચી શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરે.

(D) બાળકો સક્રિય ભાગીદારી નોંધાવે અને આસપાસના વાતાવરણ સાથે અનુબંધ કેળવે.

(175) સ્કૂલ ઑફ એક્સિલન્સ મેરિટ પ્રમાણપત્રમાં શાળાના વિદ્યાર્થીઓએ કેટલી સિદ્ધિ હાંસલ કરેલ હોવી જોઈએ ?

(A) શાળાના 60 થી 70 ટકા વિદ્યાર્થીઓ અધ્યયન નિષ્પત્તિ એમાં 80 ટકા કરતાં વધારે સિદ્ધ પ્રાપ્ત કરે તો

(B) શાળાના 80 ટકા વિદ્યાર્થીઓ ઓછામાં ઓછી 40 ટકા શૈક્ષણિક સિદ્ધિ હાંસલ કરે તો

(C) તમામ વિદ્યાર્થીઓને ફંડામેન્ટલ લીટરસી એન્ડ ન્યુમરેસી (FLN) વાંચન લેખન – ગણન આવડતુંજ હોવું જોઈએ?

(D) ઉપરોક્ત તમામ

(176) કોઈ સંગઠન, સંસ્થા કે વ્યક્તિને તેમની પસંદીની શાળાઓ સાથે સીધી જોડાઈ યોગદાન આપી શકે તે માટે કઈ યોજના અમલમાં છે ?

(A) વિદ્યાંજલિ
(B) વિદ્યાદાન
(C) સેવા સેતુ
(D) મિશન વિદ્યા

(177) બાળકોની વાચન ઝડપ જાણવા માટે પ્રસ્તુત સમયમાં કઈ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) સરલ એપ
(B) વાચન ક્ષમતા
(C) ગૂગલ રીડ અલોન્ગ
(D) વાચન સમીક્ષા

(178) Teacher Education માટે સમર્પિત કઈ ચેનલ છે ?

(A) PM e-Vidya Channel 79
(B) PM e-Vidya Channel 80
(C) PM e-Vidya Channel 81
(D) PM e-Vidya Channel 82

(179) NEP 2020 મુજબ શિક્ષકોની ગુણવત્તા, ક્ષમતા અને વ્યાવસાયિક વિકાસના માપદંડ તૈયાર કરવાની ભલામણ કયા ડોક્યુમેન્ટમાં રજૂ કરવામાં આવી છે ?

(A) NPST
(B) NMM
(C) SSSA
(D) NCFSE

(180) વર્ષ 2026 થી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) પરીક્ષાના સંદર્ભમાં કયા મહત્ત્વના ફેરફાર દાખલ કરવામાં આવ્યો છે ?

(A) ધોરણ 1 થી 5માં સ્વ-નિર્ભર શાળામાં અભ્યાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીએ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(B) સ્વનિર્ભર શાળાનો વિદ્યાર્થી મેરીટના પ્રથમ 25% માં આવે તો જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલમાં પ્રવેશ મેળવી શકશે.

(C) પ્રશ્નપત્રના કુલ પ્રશ્નો પૈકી 30% પ્રશ્નો રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ ક્ષમતા આધારિત રહેશે.

(D) વિદ્યાર્થીઓના હિતમાં ગુજરાતી અને અંગ્રેજી ઉપરાંત હિન્દી ભાષામાં પણ પ્રશ્નપત્રો આપવામાં આવશે.

(181) સમુદાય (સમાજ) માટે શાળા, ઉત્સવ અને સન્માનનો વિષય બને તે માટે NEP 2020 ના પ્રકરણ 7 માં શાળા પાસેથી શું બનવાની અપેક્ષા રાખવામાં આવી છે ?

(A) સામાજિક સમરસતાનું કેન્દ્ર (B) સામાજિક ભાગીદારીનું કેન્દ્ર

(C) સામાજિક નવસર્જનનું કેન્દ્ર (D) સામાજિક ચેતનાનું કેન્દ્ર

(182) માહિતીનો અધિકાર અધિનિયમ - 2005 નો ઉદ્દેશ જણાવો.

(1) ભ્રષ્ટાચારને કાબુમાં રાખવા માટે

(2) જાહેર સત્તામંડળના નિયંત્રણ હેઠળની માહિતી નાગરિકો મેળવી શકે

(3) દરેક જાહેર સત્તામંડળ કામકાજમાં જવાબદારીને ઉત્તેજન આપવા

(4) દરેક જાહેર સત્તામંડળ કામકાજમાં પારદર્શિતા જાળવી શકે

(A) (1) અને (3) (B) માત્ર 1 (C) (2), (3) અને (4) (D) (1) થી (4)

(183) માહિતીના અધિકાર અધિનિયમ-2005 અંતર્ગત જાહેર સત્તાધિકારીની નીચેનામાં કઈ ફરજો છે તે જણાવો ?

(A) જાહેર સત્તાઅધિકારીઓ એકસો વીસ દિવસમાં સંસ્થા, કાર્યો અને ફરજો પ્રકાશિત કરવી.

(B) જાહેર સત્તાઅધિકારીએ 90 દિવસમાં સંસ્થા કાર્યો અને ફરજો પ્રકાશિત કરવી.

(C) જાહેર સત્તાઅધિકારીએ 30 દિવસમાં સંસ્થા કાર્યો અને ફરજો પ્રકાશિત કરવી.

(D) જાહેર સત્તાઅધિકારીએ 30 દિવસમાં સંસ્થા કાર્યો અને ફરજો પ્રકાશિત કરવી.

(184) માહિતી અધિકારીને માહિતી આયોગ કયા કારણોસર દંડ કરી શકે છે ?

(A) (1) અરજી નહિ સ્વીકારવા માટે

(2) વ્યાજબી કારણ સિવાય માહિતી આપવામાં વિલંબ કરવા

(B) (1) બદ ઈરાદાથી માહિતી આપવાનો ઈન્કાર કરવો

(2) જાણી બુજીને અધૂરી, ખોટી, ગેરમાર્ગે દોરનારી માહિતી માટે

(C) (1) જેની માગણી કરેલ હોય તે માહિતીનો નાશ કરવો

(2) માહિતી પૂરી પાડવામાં અડચણ ઊભી કરવી

(D) A, B, C માં દર્શાવેલ તમામ

(185) માહિતી અધિકાર અધિનિયમની કઈ કલમથી કેટલાંક માહિતી જાહેર કરવામાંથી મુક્તિ આપવામાં આવે છે ?

(A) કલમ - 9 (B) કલમ - 8 (C) કલમ - 7 (D) કલમ - 6

(186) માહિતી અધિકાર અધિનિયમ અનુસાર પ્રથમ અપીલના નિર્ણયથી અસંતુષ્ટ વ્યક્તિ બીજી અપીલ કોને કરી શકે છે ?

(A) રાજ્ય માહિતી આયોગ (B) વિભાગના સચિવ

(C) ખાતાના વડા (D) કચેરીના વડા

(187) નીચે દર્શાવેલ કઈ સંસ્થાઓને ગુજરાત સરકારે માહિતી જાહેર કરવામાંથી મુક્તિ આપેલ છે ?

(i) ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી

(ii) સ્થાનિક ગુન્હા શાખા (LCB)

(iii) ગુન્હા શોધક શાખા (DCB)

(A) માત્ર (i) (B) (i) અને (ii) (C) (ii) અને (iii) (D) (i), (ii) અને (iii)

(188) RTI Act-2005 મુજબ 'રેકર્ડ'ની વ્યાખ્યામાં નીચેનામાંથી શાનો સમાવેશ થતો નથી ?

(A) દસ્તાવેજ (B) સુચના (C) હસ્તપ્રત (D) ફાઈલ

(189) RTI-2005 મુજબ 'ત્રાહિત પક્ષકાર' એટલે...

(i) માહિતી માટે વિનંતી કરનાર નાગરિક સિવાયની કોઈ વ્યક્તિ

(ii) તેમાં જાહેર સત્તામંડળનો સમાવેશ થાય છે.

(A) ફક્ત વિધાન (i) સાચું છે. (B) ફક્ત વિધાન (ii) સાચું છે.

(C) વિધાન (i) અને (ii) બંને સાચા છે. (D) વિધાન (i) અને (ii) બંને ખોટા છે.

(190) RTI-2005 મુજબ નીચેના પૈકી કોનો સમાવેશ જાહેર સત્તામંડળમાં થતો નથી ?

(A) સ્થાનિક સ્વરાજની સંસ્થા (B) સહકારી બેંક

(C) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (D) ભારતીય ટપાલ ખાતુ

(191) નીચે પૈકી ક્યું સામાન્ય રીતે તરૂણાવસ્થાનું લક્ષણ નથી.

(A) તરૂણાવસ્થા દરમિયાન વ્યક્તિ કલ્પનાશીલ અને અતિ લાગણીશીલતા જોવા મળે છે.

(B) સ્વાવલંબન અને સ્વાતંત્ર્ય માટેની તીવ્ર ઝંખના જોવા મળે છે.

(C) દેખાવ પ્રત્યે સભાન બને છે અને અન્ય પર પ્રભાવ પાડવાનો પ્રયત્ન કરે છે.

(D) કોટુંબિક જવાબદારી સાથે સામાજિક રીતે પરિપક્વતા ખુબજ વિકસે છે.

(192) શિક્ષણમાં 'પંચપદી'ના રચયિતા કોણ છે ?

(A) જોન ફેડરિક હર્બર્ટ (B) થોર્નડાઈક (C) મોન્ટેસરી (D) ફ્રોબેલ

(193) પરીક્ષામાં નિષ્ફળ જનાર વિદ્યાર્થી અભ્યાસ પ્રત્યે વધુ ધ્યાન આપી તૈયારી કરે તે કઈ પ્રવૃત્તિ ગણીશું ?

(A) અહમકેન્દ્રિત પ્રવૃત્તિ
(B) લક્ષ્યકેન્દ્રિત પ્રવૃત્તિ
(C) શારીરિક પ્રવૃત્તિ
(D) લક્ષ્ય વિરોધી પ્રવૃત્તિ

(194) નીચેનામાંથી કયુ લક્ષણ ઝડપી અધ્યેતાનું લક્ષણ સૂચવે છે ?

(A) રટણ પર આધાર
(B) અભ્યાસથી દૂર રહેવું
(C) ધ્યાન વિચલન
(D) તર્કશક્તિ અને નિર્ણય શક્તિ

(195) કઈ અવસ્થાને 'પ્રશ્ન પૂછવાની ઉંમર' તરીકે ઓળખવામાં આવે છે ?

(A) તરૂણાવસ્થા
(B) બાલ્યાવસ્થા
(C) ઉત્તર-બાલ્યાવસ્થા
(D) પ્રારંભિક બાલ્યાવસ્થા

(196) બાળકને ગોળ આકારની સંકલ્પના સમજાવવા લખોટી બતાવવી જોઈએ. - આ કયો અધ્યયન સિદ્ધાંત દર્શાવે છે ?

(A) સરળ પરથી કઠિન
(B) મૂર્ત પરથી અમૂર્ત
(C) જ્ઞાત પરથી અજ્ઞાત
(D) પૂર્ણ પરથી અંશ

(197) નીચેના પૈકી કઈ લાક્ષણિકતા નિદાન કસોટી માટેની નથી ?

(A) પ્રશ્નોની પસંદગી વિદ્યાર્થીઓ કેવી ભૂલો કરે છે તે ધ્યાનમાં રાખી કરવામાં આવે છે.
(B) વર્ગ બઢતી સાથે સંબંધ નથી.
(C) વિદ્યાર્થીઓની સિદ્ધિમાં રહેલ કચાશ જણાવે છે.
(D) ચોક્કસ સમય મર્યાદામાં પૂર્ણ કરવાની હોય છે.

(198) બુદ્ધિ કસોટીઓનો ઉપયોગ શેના માટે થઈ શકતો નથી ?

(A) વ્યક્તિગત માર્ગદર્શન
(B) શૈક્ષણિક માર્ગદર્શન
(C) સામાજિક માર્ગદર્શન
(D) વ્યાવસાયિક માર્ગદર્શન

(199) અધ્યાપન મનોવિજ્ઞાન એટલે...

(A) વિદ્યાર્થીઓના લક્ષણોનું અનુમાન કરે છે.
(B) અધ્યયન પ્રક્રિયાનું વર્ણન કરે છે.
(C) અધ્યાપન પ્રક્રિયાની સુધારણા માટેના સિદ્ધાંતો આપે છે.
(D) વિદ્યાર્થીઓના વિકાસલક્ષી અભ્યાસો કરે છે.

(200) અધ્યયન, ધારણ એન વિસ્મૃતિ વચ્ચેનો સાચો સંબંધ શો છે ?

(A) અધ્યયન = વિસ્મૃતિ - ધારણ
(B) વિસ્મૃતિ = અધ્યયન - ધારણ
(C) વિસ્મૃતિ = ધારણ - અધ્યયન
(D) ધારણ = વિસ્મૃતિ + અધ્યયન

◆◆◆

# રફ કામ માટેનું પેઇજ

QUESTION PAPER NO. A 128786

## રફ કામ માટેનું પેઈજ

**પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**